રાષ્ટ્રીય વિચારોનું સાપ્તાહિક

ધર્મો રક્ષતિ: રક્ષિત:

સફળતાના ૬ઠ્ઠા વર્ષમાં પ્રવેશ

ન્યાયક્ષેત્ર પાદરા કોર્ટને આધિન

RNI NO. : GUJGUJ/2020/81231

# માતૃરક્ષા

ફાગણ વદ-15, વિક્રમ સંવતઃ 2082

તંત્રી : ચાવડા ગોપાલભાઈ ભગવાન દાસ(આહિર)

E-mail : gopalbchavda@gmail.com

લીગલ એડવાઈઝર એડવોકેટ : જીગર પંડ્યા

MATRU RAKSHA WEEEKLY NEWSPAPER

ગુજરાતી સાપ્તાહિક

EDITOR: PUBLISHER.PRINTER&OWNER : CHAVDA GOPALBHAI BHAGVANDAS REG: NIRAJ PLAZA, SHOP NO.-12 ZANDA BAJAR, TA.PADRA, DI. VADODARA-391440.[GUJARAT]

YEAR 06 ■ ISSUE : 24 ■ PAGE 4 ■ PRICE :RS.1.00 ■ DATE 19-03-2026, THURSDAY ■ M. 9879119324 / WEBSITE : WWW.MATRURAKSHA.COM LEGAL ADVISIOR : ADVOCATE JIGAR P. PANDYA



માતૃ રક્ષા સાપ્તાહિક ન્યૂઝપેપરમાં શુભેચ્છા, જન્મદિવસ, બેસણું શ્રદ્ધાંજલિ તથા આપના વેપારની જાહેરખબર તદ્દન વ્યાજબી ભાવે પ્રસિદ્ધ કરી આપીશું

વાર્ષિક લવાજમ : 50 રૂપિયા

ગોપાલ ચાવડા મો.9879119324




## રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ : NDAનો ભવ્ય વિજય અને વિપક્ષી ગઢમાં ગાબડું

# ભાજપ પ્રેરિત ગઠબંધને ૨૨ બેઠકો કબ્જે કરીને વિપક્ષી છાવણીમાં સોપો પાડી દીધો

નવી દિલ્હી : રાજ્યસભાની ૩૭ બેઠકો માટેના જંગમાં આખરે ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે અને તેમાં એનડીએ એક શક્તિશાળી વિજેતા તરીકે ઉભરી આવ્યું છે. ૧૦ રાજ્યોમાં ફેલાયેલી આ ચૂંટણીમાં ભાજપની રણનીતિ એટલી સચોટ રહી કે વિપક્ષના તમામ ગઠબંધન અને અખતરાઓ ધ્વસ્ત થઈ ગયા. ખાસ કરીને બિહાર, હરિયાણા અને ઓડિશામાં જે ૧૧ બેઠકો માટે મતદાન થયું, તેમાં એનડીએએ ૯ બેઠકો જીતીને વિપક્ષને માત્ર ૨ બેઠકો પર સીમિત કરી દીધું. આ પરિણામો માત્ર આંકડાકીય સરસાઈ નથી, પરંતુ રાજ્યસભામાં હવે



સરકાર માટે મહત્વના ખરડાઓ પસાર કરાવવા માટેનો માર્ગ વધુ મોકળો થયો છે. બિહારમાં તેજસ્વી યાદવ અને ઓવૈસીનું ફેક્ટર હોય કે ઓડિશામાં કોંગ્રેસ-બીજેડીની આશા, ભાજપની ચાણકય નીતિ સામે બધું જ ફિક્કું સાબિત થયું છે.

આ ચૂંટણીના અંતિમ સ્કોરકાર્ડ પર નજર કરીએ તો ભાજપ પોતે ૧૩ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ રહ્યો છે, જ્યારે તેના સાથી પક્ષો જેવા કે જેડીયુ (JDU), શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીએ પણ મહત્વનું યોગદાન આપ્યું છે. વિપક્ષી છાવણીમાં કોંગ્રેસને માત્ર ૬ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે.

સૌથી મોટું નુકસાન આરજેડી (RJD), બસપા અને શિવસેના (UBT) જેવા પક્ષોને થયું છે, જેઓ પોતાનું ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ રહ્યા. પરિણામો પહેલા એનડીએ પાસે જે ૧૨ બેઠકો હતી તે હવે વધીને ૨૨ થઈ ગઈ છે, જે દર્શાવે છે કે ભાજપે અન્ય પક્ષોના મતોમાં ગાબડું પાડીને પોતાની તાકાત બમણી કરી દીધી છે.

## 24 કલાકમાં જ વિશ્વકર્મા કંપનીના એન્જિનિયરોએ કામ પાર પાડ્યું, ટૂંક સમયમાં નાના વાહનો માટે પુલ ખુલ્લો મુકાશે

# મુજપૂર, ગંભીરા મહીસાગર નદી ઉપરનો તૂટેલા સ્લેબની જગ્યાએ નવો 80 મીટરનો સ્ટીલનો સ્પામ આખરે મુકાયો

### ખેડૂતો અને કાંઠા વિસ્તારના લોકોના વહેવારો માટે હવે લોકોને મોટા ચક્કરો કાપવા પડશે નહીં

### માતૃરક્ષા ન્યૂઝની સૌ પ્રથમ માંગ હતી જે આજે સાકાર થઈ છે

પાદરા : માતૃરક્ષા ન્યૂઝ ની સૌ પ્રથમ માંગ જે સાકાર થઈ રહી છે પાદરાના મુજપૂર થી ગંભીરા ને જોડતો મહીસાગર નદી ઉપરનો એક સ્લેબ તૂટી પડ્યો હતો અને 20 થી વધુ લોકોના જીવ ગુમાવ્યા હતા ત્યારે આ બ્રિજ. તૂટવાના કારણે આંકલાવ તાલુકાના અનેક ગામોના સેકડો યુવાનો જે પાદરા તરફની કંપનીઓમાં નોકરી કરી રહ્યા છે તેમની રોજી રોટી ઉપર પ્રશ્નાર્થ મુકાઈ ગયો હતો ત્યારે માતૃ રક્ષા ન્યૂઝ દ્વારા સૌપ્રથમ લોક માંગમાં સરકાર પાસે તૂટેલા બ્રિજને નાના વાહનો માટે કામ ચલાવ ચાલુ કરી પ્રજાને રાહત આપવાની સૌપ્રથ માંગણી કરી હતી ત્યારે સરકારે આ બ્રિજ ની બાજુમાં નવો બ્રિજ બનાવવા તાત્કાલિક ટેન્ડરિંગ કરી તાત્કાલિક પ્રારંભ કર્યો અને તૂટેલા ભાગ ઉપર સ્ટીલનો મજબૂત સ્પામ મૂકી નાના વાહનો માટે શરૂ કરવો તેના નિર્ણય ના ભાગ સ્વરૂપ આ સ્ટીલ નો મજબૂત સ્પામ તૈયાર થયો છે અને મંગળવારના રોજ સવારે બ્રાહ્મણ દ્વારા પૂજા અર્ચના કરી મહીસાગર માતા અને હનુમાનજી ની પ્રાર્થના અને પૂજા કરીને 80 મીટરના સ્ટીલ ના સ્પામને વિશ્વકર્મા કંપની જે આ કામ કરી રહી છે તેના કર્મચારીઓ એન્જિનિયરો. દ્વારા સ્પામને સફળતા પૂર્વક બ્રિજ ઉપર મૂકવામાં આવ્યો છે અને તેને ધીમે ધીમે તૂટેલા સ્લેબ સુધી લઈ જઈને બુધવારના રોજ ગોઠવી દીધો છે જે સરકાર અને વિશ્વકર્મા કંપનીનું સરાહનીય કાર્ય છે ત્યારે હવે ટૂંકા ગાળામાં આણંદ અને વડોદરા જિલ્લા ના નાના વાહનો માટે જુનો બ્રિજ ચાલુ થશે જેથી નોકરિયાતો , ખેડૂતો અને કાંઠા વિસ્તારના લોકોના વહેવારો માટે હવે લોકોને મોટો ચક્કર નહીં કાપવો પડશે તેથી ઘણી રાહત થશે.







# ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ અને આસામ સહિત પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત

### પશ્ચિમ બંગાળમાં બે અને અસામમાં એક તબક્કે મતદાન યોજાશે, જ્યારે કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે એકસાથે વોટિંગ બાદ ૪ મે, ૨૦૨૬ના રોજ તમામ રાજ્યોનું પરિણામ જાહેર કરાશે

નવી દિલ્હી : ભારતીય ચૂંટણી પંચ દ્વારા આજે દેશના પાંચ મહત્વના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભા ચૂંટણીની તારીખોની સ્તાવાર જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને તેમની ટીમ દ્વારા યોજાયેલી હાઈ-પ્રોફાઈલ પત્રકાર પરિષદમાં પશ્ચિમ બંગાળ, અસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરી માટે મતદાનનું વિગતવાર સમયપત્રક રજૂ કરવામાં આવ્યું છે. આ જાહેરાત સાથે જ આ તમામ રાજ્યોમાં તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) લાગુ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે સુરક્ષા અને ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તબક્કાવાર મતદાનનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી





મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરી શકાય.

ચૂંટણી પંચના આંકડાઓ મુજબ, પશ્ચિમ બંગાળમાં સ્તાનો સંગ્રામ બે તબક્કામાં ખેલાશે. અહીં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલના રોજ અને બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલના રોજ યોજાશે. અસામમાં પણ ચૂંટણી પ્રક્રિયાની શરૂઆત એપ્રિલ મહિનાથી થશે, જ્યાં ૯ એપ્રિલે પ્રથમ તબક્કાનું વોટિંગ રાખવામાં આવ્યું છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં ચૂંટણી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની રણનીતિ હેઠળ કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલના રોજ એક જ તબક્કામાં તમામ બેઠકો માટે મતદાન થશે. તમિલનાડુમાં ૨૩ એપ્રિલના રોજ એકમાત્ર તબક્કામાં જનતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. તમામ રાજ્યોમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૪ મે, ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને તે જ દિવસે સાંજ સુધીમાં તમામ પરિણામો સ્પષ્ટ થઈ જશે.

આ ચૂંટણીઓમાં કરોડો મતદારો ભાગ લેવાના હોવાથી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં સંવેદનશીલ બૂથો પર કેન્દ્રીય સુરક્ષા દળોની તૈનાતી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

# પાક.નું રાક્ષસી કૃત્યઃ હોસ્પીટલ ઉપર હુમલોઃ ૪૦૦નાં મોત

નવી દિલ્હી : ઈદ નજીક આવી રહી છે, અને ખૂબ જ ખાસ ગણાતા પવિત્ર રમઝાન મહિનાના છેલ્લા થોડા દિવસો બાકી છે. આ દરમિયાન પાકિસ્તાને બધી હદો પાર કરી દીધી છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનના કાબુલમાં એક ડ્રગ રિહેબિલિટેશન હોસ્પિટલ પર હવાઈ હુમલો કર્યો. આ હુમલામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦૦ લોકો મૃત્યુ પામ્યા છે.






## વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે

# કરાર આધારિત કાયદા સલાહકારની નિમણૂંક માટે અરજીઓ મંગાવાઈ

વડોદરા : રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ, ગાંધીનગર દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી, વડોદરા ખાતે ૧૧ માસની મુદત માટે ઊભી કરવામાં આવેલ કરાર આધારિત કાયદા સલાહકારની ૧(એક) જગ્યા માટે નિમણૂંક કરવાની છે. લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધીમાં રૂમ નં. ૧૬/૧, ચિટનીશ શાખા, નવી કલેક્ટર કચેરી, દિવાળીપુરા, વડોદરા ખાતે મંગાવવામાં આવી છે.

આ જગ્યા પર અરજી કરવા માટે ઉમેદવારે અરજીમાં પોતાનું નામ, જન્મ તારીખ, રહેણાંકનું સ્થળ (કાયમી/હંગામી), શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો દર્શાવવી તથા આ અંગેના પ્રમાણિત આધાર પુરાવા અરજી સાથે સામેલ રાખવાના રહેશે. અરજદારશ્રીની ઉંમર ૫૦ (પચાસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

શૈક્ષણિક લાયકાત અને અનુભવ, તેમજ આ સિવાયની અન્ય બોલીઓ, શરતો, બજાવવાની સામાન્ય ફરજો અને જવાબદારીની વિગતો નવી કલેક્ટર કચેરીનાં નોટીસ બોર્ડ અથવા મહેકમ શાખામાં કચેરી સમય દરમિયાન રૂબરૂ જોઇ શકાશે.

સબંધિત ઉમેદવારોને જ્યારે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે અસલ ડોક્યુમેન્ટ સાથે લાવવાનાં રહેશે અને સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. અધુરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં, તેમ જિલ્લા કલેક્ટરશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

## કેરળના 'સાયરો-માલાબાર' ગઢમાં ભાજપનો શંખનાદ ગાજશે

# 9 એપ્રિલની ચૂંટણી માટે 'કમળ'ની માસ્ટર ગેમ, 4 દિગ્ગજ ખ્રિસ્તી ચહેરાઓને મેદાનમાં ઉતારી વિપક્ષોના ઉંઘ ઉડાડી!

નવી દિલ્હીઃ કેરળ વિધાનસભાની આગામી 9 એપ્રિલની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ એક અત્યંત ગણતરીપૂર્વકની વ્યૂહરચના તૈયાર કરી છે. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી 47 ઉમેદવારોની પ્રથમ યાદીમાં ચાર અગ્રણી ખ્રિસ્તી નેતાઓના નામે રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જગાડી છે.

મધ્ય કેરળના ખ્રિસ્તી બહુલ વિસ્તારોમાં પોતાનો પગપેસારો વધારવા માટે પાર્ટીએ કાંજીરાપલ્લીથી જ્યોર્જ કુરિયન, પૂંજરથી સાત વખત ધારાસભ્ય રહી ચૂકેલા પીસી જ્યોર્જ, પાલાથી શોન જ્યોર્જ અને તિરુવલ્લાથી અનૂપ એન્ટોની જોસેફને ટિકિટ આપી છે.



કેરળની વસ્તીમાં ખ્રિસ્તી સમુદાયનો હિસ્સો 18 ટકાથી વધુ છે. ભાજપના રણનીતિકારો માને છે કે માત્ર 55 ટકા હિન્દુ મતોના સહારે સ્તા સુધી પહોંચવું મુશ્કેલ છે, કારણ કે 27 ટકા મુસ્લિમ મતદારો પરંપરાગત રીતે ભાજપની વિરુદ્ધ રહ્યા છે. આ સંજોગોમાં, જો ખ્રિસ્તી મતદારોનો સાથ મળે, તો ભાજપ ડાબેરી (LDF) અને કોંગ્રેસ (UDF) ના દાયકાઓ જૂના વર્ચસ્વને તોડી શકે છે. ખાસ કરીને "લવ જેહાદ" અને "નાર્કોટિક જેહાદ" જેવા મુદ્દાઓએ ખ્રિસ્તી સમુદાયના એક વર્ગને ભાજપ તરફ વિચારવા મજબૂર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા કેટલાક વર્ષોમાં ખ્રિસ્તી સમુદાય સાથેના સંબંધો મજબૂત કરવા પર વિશેષ ભાર મૂક્યો છે.

નાતાલની ઉજવણીમાં સહભાગી થવું અને ચર્ચના વડાઓ સાથે મુલાકાતો કરવાના પરિણામો હવે દેખાઈ રહ્યા છે.

# દુબઈ એરપોર્ટ ઉપર હૂમલોઃ તમામ ફલાઈટો સસ્પેન્ડ, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કર્યો ડ્રોન હુમલો

## જંગની જ્વાળા હવે ભારતીય કૃષિ ક્ષેત્રને દઝાડે તેવી ભીતિ; ઓમાનથી આવતા 46 ટકા ખાતરના સપ્લાય પર બ્રેક વાગતા યુરિયાની અછત સર્જાશે, સોના અને ખજૂરના ભાવ પણ આસમાને પહોંચવાની શક્યતા



દુબઈઃ સોમવારે વહેલી સવારે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક એક ડ્રોન ક્રેશ થતાં દુબઈ હચમચી ઉઠ્યું, જેના કારણે એક મોટો વિસ્ફોટ થયો અને ઈંધણ ટાંકીમાં ભીષણ આગ લાગી. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સ્પષ્ટપણે જ્વાળાઓ અને કાળો ધુમાડો આકાશમાં ઉડતો દેખાઈ રહ્યો હતો. દુબઈ મીડિયા ઓફિસે પુષ્ટિ આપી છે કે એરપોર્ટ નજીક ડ્રોન ઘટનાથી ઈંધણ ટાંકી પ્રભાવિત થઈ હતી. સદનસીબે, અત્યાર સુધી કોઈ ઈજાના અહેવાલ નથી. પરંતુ આ ઘટનાએ ઈરાન-અમેરિકા યુદ્ધનો ભય દુબઈના દરવાજા સુધી પહોંચાડી દીધો છે.સ્થાનિક લોકોએ રાત્રે મોટા વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હોવાની જાણ કરી. થોડા સમય પછી, એરપોર્ટ નજીક ધુમાડો અને જ્વાળાઓ નીકળતી જોવા મળી. દુબઈ સિવિલ ડિફેન્સ અને અન્ય કટોકટી પ્રતિભાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને આગ ઓલવવાનું શરૂ કર્યું. દુબઈ મીડિયા ઓફિસે હ્ પર જણાવ્યું હતું કે ફાયર કંટ્રોલ ટીમો સતત કામ કરી રહી છે અને કોઈ ઈજા થઈ નથી. જ્યારે નુકસાન નોંધપાત્ર લાગે છે, ત્યારે જાનહાનિનો અભાવ વહીવટીતંત્રને થોડી રાહત આપી છે.

ડ્રોન હુમલાથી હવાઈ ટ્રાફિકને પણ અસર થઈ. ફલાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ઘણી ફલાઈટ્સ રોકી દેવામાં આવી હતી. કરાચી, કાઠમંડુ, હનોઈ, અસમારા અને અમ્માનથી દુબઈ આવતી ઓછામાં ઓછી પાંચ ફલાઈટ્સ લેન્ડિંગની રાહ જોઈ રહી હતી. આના કારણે એવી અટકળો થઈ રહી છે કે મુખ્ય એરપોર્ટ પર પણ હુમલો થયો હશે. જો કે, શક્ય છે કે ડ્રોનથી બચાવવા માટે વિમાનને ઉતરાણ કરતા અટકાવવામાં આવ્યું હોય.

અમેરિકા અને ઈઝરાયલ સાથે યુદ્ધમાં રહેલા ઈરાને સોમવારે વહેલી સવારે વાટાઘાટોની કોઈપણ શક્યતાને નકારી કાઢ્યા પછી ફરી એકવાર ગલ્ફ દેશોને નિશાન બનાવ્યા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે

## ઈરાન યુદ્ધની અસરઃ રત્નો અને ઝવેરાતનો રૂ.૧૮,૫૦૦ કરોડનો વ્યવસાય સંકટમાં

નવી દિલ્હી : યુએસ-ઈઝરાયલ ઈરાન યુદ્ધની અસર શેરબજારો અને તેલ અને ગેસની અછતના સ્વરૂપમાં દેખાય છે. અન્ય ઘણા ક્ષેત્રો પણ ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યા છે. ભારતની રત્નો અને ઝવેરાત નિકાસ પણ મંદીનો સામનો કરી રહી છે, અને નુકસાનની ચિંતા વધી છે. જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) અનુસાર, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધથી ડોલર ૨ બિલિયન (આશરે રૂ.૧૮,૫૦૦ કરોડ) મૂલ્યના રત્નો અને ઝવેરાતની નિકાસ પર અસર થઈ શકે છે. GJEPC ના મતે, માર્ચમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે પશ્ચિમ એશિયામાં કટોકટી વધી ગઈ છે, જે રત્નો અને ઝવેરાતના વેપારના ૨૦% ભાગને અસર કરશે. તમામ પ્રયાસો દ્વારા લગભગ ૮૦૦ મિલિયન ડોલરના માલને ડાયવર્ટ કરી શકીએ છીએ.

## વાડીનાર પોર્ટ પર નંદા દેવીનું આગમન

# LPG ગેસ ભરેલું બીજું જહાજ પણ ગુજરાત પહોંચી ગયું



નવી દિલ્હી : દેવભૂમિ દ્વારકાના વાડિનાર પોર્ટ પર વિશાળ નંદા દેવી જહાજ પહોંચી ગયું છે. ઈરાનની સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાર કરીને ભારતનું બીજું જહાજ પણ ગુજરાત પહોંચી ગયું છે. નંદા દેવી (Nanda Devi) આજે સફળતાપૂર્વક વાડિનારના કિનારે લેન્ડ થયું છે. નંદા દેવી જહાજનું વાડિનાર પહોંચવું દેશ માટે અત્યંત મહત્વનું માનવામાં આવી રહ્યું છે. પોર્ટ પ્રશાસન અને કોસ્ટ ગાર્ડ (તટરક્ષક દળ)ની દેખરેખ હેઠળ જહાજનું સુરક્ષિત એન્કરિંગ કરવામાં આવ્યું છે. વાડિનારના ડીપ વોટર ટર્મિનલ પર હવે કાર્ગો અનલોડિંગની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે.

યુદ્ધ વચ્ચે lpg ગેસના જથ્થા સાથે ગઈકાલે એક જહાજ કચ્છના મુન્દ્રા પોર્ટ પર પહોંચ્યુ હતું. કચ્છના મુંદ્રા પોર્ટ સાથે આજે વાડીનાર પોર્ટ પર મળી બે મહત્વના ભારતીય જહાજો LPG ગેસનો જથ્થો લઈને આવી ગયા છે. બને જહાજમાં ૯૨૭૦૦ ટન lpg ગેસ જથ્થો ભારત પહોંચ્યો છે. ગઈકાલે મુન્દ્રા પોર્ટ પર શિવાલીક જહાજમાં ૪૪ હજાર મેટ્રિક ટન lpg ગેસ લવાયો હતો, જેમાં ૨૦ હજાર મેટ્રિક ટન પાઈપ મારફતે પોર્ટ પર ટેન્કમાં રિફિલ કરાયો છે. જ્યારે ૨૪ હજાર મેટ્રિક ટન ગેસ મેંગ્લોર મોકલવામાં આવશે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને હોર્મુઝ ( Strait of Hormuz ) માં સર્જાયેલી અડચણો વચ્ચે આ ભારત માટે ખૂબ જ રાહતના સમાચાર છે.

## હોર્મુઝ જળમાર્ગ ખોલાવવા અમેરિકાએ તૈયારી કરી

# અમેરિકાએ ઈરાન ઉપર મહાબોંબ ઝીંકયો

### ઈરાનની મિસાઈલો નિશાના પર : ૫૦૦૦ પાઉન્ડ એટલે કે ૨૨૦૦ કિલોનો બોંબ જમીન કે કોંક્રીટની દિવાલોને ભેદીને પેટાળમાં છુપાયેલા દુશ્મનોનો કાળ બને છે



વોશીંગ્ટન તા.૧૮ઃ ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકા એકલું પડી ગયું છે. કોઈ તેને ટેકો આપી રહ્યું નથી. પરિણામે, અમેરિકાએ હવે ઈરાન સામે એકલા નિર્ણાયક યુદ્ધ લડવાનું નક્કી કર્યું છે. અમેરિકા હવે હોર્મુઝની સ્ટ્રેટને ઈરાની નિયંત્રણમાંથી મુક્ત કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ સંદર્ભમાં, અમેરિકાએ હોર્મુઝની સ્ટ્રેટ પર ૨૩ ક્વિન્ટલ ખતરનાક બોમ્બથી બોમ્બમારો કર્યો છે. આ બોમ્બમારાનો હેતુ હોર્મુઝ નજીક સ્થિત ઈરાની મિસાઈલ સ્થળોનો નાશ કરવાનો હતો, જેથી હોર્મુઝના દરવાજા દરિયાઈ વેપાર માટે ખોલી શકાય. યુએસ સેન્ટ્રલ કમાન્ડે X પર એક પોસ્ટમાં આ જાહેરાત કરી હતી. તેના અનુસાર, આ ઈરાની ક્રુઝ મિસાઈલો હોર્મુઝ દ્વારા આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માટે ખતરો ઉભો કરે છે.

વાસ્તવમાં, યુએસ દળોએ ઘણા ૫,૦૦૦ પાઉન્ડ ઊંડા-ભેદી બોમ્બ ફેંક્યા. આનો અર્થ એ છે કે અમેરિકાએ ઈરાનના મિસાઈલ ભંડારો પર આશરે ૨૩ ક્વિન્ટલ બોમ્બથી હુમલો કર્યો છે. આ બોમ્બ ઈરાનના ફોર્ટિફાઈડ મિસાઈલ સ્ટોરેજ અને લોન્ચ સાઈટ્સ પર ફેંકવામાં આવ્યા હતા, જે દરિયા કિનારે બનાવવામાં આવ્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે સફળતાની જાણ કરી.

યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, થોડા કલાકો પહેલા, યુએસ સૈન્યએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઈરાની દરિયાકાંઠે ઈરાની-કબજા હેઠળના મિસાઈલ સ્થળો પર ૫,૦૦૦ પાઉન્ડના ઊંડા પેનિટ્રેટર બોમ્બ સફળતાપૂર્વક તૈનાત કર્યા હતા. આ સ્થળોએ સ્થિત ઈરાની એન્ટી-શિપ ક્રુઝ મિસાઈલો સ્ટ્રેટ દ્વારા આંતરરાષ્ટ્રીય શિપિંગને જોખમમાં મૂકે છે. આનો અર્થ એ છે કે યુએસ આ કાર્યવાહીને સફળ માને છે.

૨૮મી ફેબ્રુઆરીએ ઈઝરાયેલ

## યુદ્ધની અસરઃ અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૭૨% સુધીનો વધારો



નવી દિલ્હીઃ વિશ્વભરના ઘણા દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે, પરંતુ અત્યાર સુધી, ભારતના લોકો માટે થોડી રાહત મળી છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે મધ્ય પશ્ચિમમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ રહ્યો છે, જેની અસર ઈંધણના ભાવ પર પડી રહી છે. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વિશ્વભરમાં ઈંધણના ભાવ સામાન્ય સ્તરે હતા, પરંતુ ઈરાનમાં યુદ્ધ શરૂ થયા પછી પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. બ્રેન્ટ ક્રૂડ ૭૧ પ્રતિ બેરલથી વધીને ૧૦૦ ના આંકને પાર કરી ગયું. આ લગભગ ૪૫ ટકાનો વધારો છે, જે સ્પષ્ટપણે વૈશ્વિક ઉર્જા બજારમાં યુદ્ધના ગંભીર ખતરાને દર્શાવે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના વધતા ભાવોની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા પર પડી રહી છે. GlobalPetrolPrice.com મુજબ, પેટ્રોલનો સરેરાશ વૈશ્વિક ભાવ પ્રતિ લિટર ડોલર ૧.૨૦ થી વધીને ડોલર ૧.૨૭ થયો છે. ડીઝલના ભાવ વધુ ઝડપથી વધ્યા છે, જે ડોલર ૧.૨૦ થી વધીને ડોલર ૧.૩૩ પ્રતિ લિટર થયા છે. આ આંકડા દર્શાવે છે.

# મમતાના ગઢ ભવાનીપુરમાં સુવેન્દુ અધિકારી આપશે પડકાર : ભાજપની આક્રમક રૈણનીતિ



કોલકાતા : પશ્ચિમ બંગાળની રાજકીય પિચ પર ફરી એકવાર 'દીદી વિરુદ્ધ દાદા'નો રોમાંચક મુકાબલો જામવાનો છે. ભારતીય જનતા પાર્ટીએ ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરીને સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ આ વખતે કોઈ પણ ભોગે તૃણમૂલ કોંગ્રેસને તેમના ગઢમાં જ પછાડવા માંગે છે. સૌથી વધુ ચર્ચા સુવેન્દુ અધિકારીની ઉમેદવારીની છે, જેમને ભાજપે મમતા બેનર્જીના નંદીગ્રામ બંને મોરચે સક્રિય કર્યા છે. ગત ચૂંટણીમાં નંદીગ્રામમાં મમતા બેનર્જીને પરાજય આપનાર સુવેન્દુ ફરી એકવાર 'જાયન્ટ કિલર' સાબિત થશે કે કેમ, તે જોવું રસપ્રદ રહેશે. ભાજપની આ યાદીમાં દિલીપ ઘોષ અને અગ્નિમિત્રા પોલ જેવા દિગ્ગજ ચહેરાઓને સ્થાન આપીને પાર્ટીએ બંગાળમાં સ્તા પરિવર્તનનો મજબૂત દાવો રજૂ કર્યો છે.

ચૂંટણી પંચે આ વખતે બંગાળની જટિલ ચૂંટણી પ્રક્રિયાને માત્ર બે જ તબક્કામાં (૨૩ અને ૨૯ એપ્રિલ) સમેટી લેવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

# પરમાણુ તબાહીની નજીક પહોંચ્યુ યુધ્ધ, ઈરાનના એકમાત્ર પરમાણુ પાવર પ્લાન્ટ પર પડી મિસાઈલ

નવી દિલ્હી : મધ્ય પૂર્વ યુદ્ધ દરેક પસાર થતા દિવસે નિયંત્રણ બહાર જઈ રહ્યું છે. યુદ્ધ એક વળાંક લઈ શકે છે અને પરમાણુ વિનાશ તરફ દોરી શકે છે. સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષકે બુધવાર, ૧૮ માર્ચે જાહેરાત કરી હતી કે ઈરાની અધિકારીઓએ તેને જાણ કરી હતી કે એક અષા (કદાચ મિસાઈલ જેવું હથિયાર) દેશના એકમાત્ર કાર્યરત પરમાણુ પાવર પ્લાન્ટ પર અથડાયો છે. પરમાણુ ક્ષેત્રમાં સહયોગ માટે સંયુક્ત રાષ્ટ્રની સ્વાયત્ત સંસ્થા, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) ને વૈશ્વિક પરમાણુ નિરીક્ષક તરીકે પણ ઓળખવામાં આવે છે. તે પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહન આપે છે અને તેના લશ્કરી ઉપયોગને રોકવા માટે વિશ્વભરમાં પરમાણુ સુવિધાઓનું નિરીક્ષણ કરે છે.

IAEA એ જણાવ્યું હતું કે ઈરાને તેને જાણ કરી હતી કે મંગળવારે સાંજે ઈરાનના બુશેહર પરમાણુ પાવર પ્લાન્ટ પર એક પ્રોજેક્ટાઈલ પડ્યું હતું.

ૐ RNI No. : GUJGUJ/2020/81231
માતૃરક્ષા ન્યુઝ
માતૃરક્ષા ન્યુઝ ના સહુ દર્શકો તથા વાંચકોને સહ સ્નેહ પ્રાર્થના આપ અમારા સોશીયલ મીડિયાના પ્લેટફોર્મને નિચેની ચેનલોને લાઇક કરો, સેર કરો અને સબસ્કાઇબ કરો. સ્થાનિક તથા રાષ્ટ્રીય સમાચારો તથા વિચારોને વધુને વધુ ફેલાવો કરવામાં સાથ અને સહકાર આપો.
MATRU RAKSHA NEWS
Gopal Chavda
Matru Raksha News
9879119324 (HI)

શ્રી૧।
કાસ્ય હેલ્થ થેરાપી
પાદરામાં સૌ-પ્રથમ...
જે આપના આરોગ્યનો વધારો કરી નિરોગી કરશે.
* ઘુંટણના દર્દ તથા કમરની નીચેના હિસ્સામાં દુખાવામાં રાહત આપશે.
* શરીરમાં વધારાની ગરમીને કંટ્રોલ કરશે.
* આંખની રોશનીમાં વધારો કરશે.
* શરીરનો થાક ઓછો કરી આરામ આપશે.
* પગના સોજા ઓછા કરશે.
* પગના તળિયાનો દુખાવો તથા ઝણઝણાહટ દૂર કરશે.
* શરીરના લોહીના પ્રવાહને નિયમિત કરશે
* ડાયાબિટીસના દર્દીને પગમાં સંવેદનાની હાનીને રોકશે તથા અન્ય તકલીફોમાં રાહત આપશે.
આયુર્વેદિક હજારો વર્ષ જુની ભારતીય પરંપરા કાસ્ય મસાજ દ્વારા અનેક શારીરિક સમસ્યાઓમાંથી છુટકારો મેળવો. કોઇ આડ-અસર નહી. એક્યુપ્રેસર સાથે આયુર્વેદના માધ્યમથી અનેક પીડાઓનું સમાધાન એક માત્ર કાંસ્ય થેરાપી. પધારો... અશોક ફિટનેશ
: સમય :
સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક
બપોરે ૩.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક
સ્થળ : અશોક ફિટનેશ
ચુડઘરનો ખાંચો, ઝંડા બજાર, પાદરા.
મો. ૯૧૦૪૩૧૯૩૨૪, ૯૮૭૯૧૧૯૩૨૪.

# રજાઓમાં ફરવા જવાનું આયોજન થાય છે, તીર્થસ્થળો ભૂલાતાં જાય છે






**પરમ પૂજ્ય રાષ્ટ્રીય સંત પદ્મભુષણ આચાર્ય વિજય રત્નસુંદરસૂરિશ્વરજી મહરાજ સાહેબ**

ડુક્કરની પસંદગી જેમ વિષ્ટા પર હોય છે, મીઠાઈ પર નહીં. શિયાળની પસંદગી જેમ લુચ્ચાઈ પર હોય છે, સરળતા પર નહીં. સિંહની પસંદગી જેમ ક્રૂરતા પર હોય છે, કોમળતા પર નહીં. દુર્જનની પસંદગી જેમ કૃતઘ્નતા પર હોય છે, કૃતજ્ઞતા પર નહીં. લોભીની પસંદગી જેમ કૃપણતા હોય છે, ઉદારતા નહીં.

પણ તેમ જેની પાસે તુચ્છ દૃષ્ટિ હોય છે, ક્ષુદ્ર દૃષ્ટિ અને ભોગ દૃષ્ટિ હોય છે, સુખ દૃષ્ટિ અને ઈહલોક દૃષ્ટિ હોય છે, એની પસંદગી પાકૃતજનસુલભ ઈંદ્રિયોના વિષયો હોય છે, ઉત્તમજનસુલભ ઉત્તેજનામુક્ત અનુભૂતિ નહીં.

કમાલની કરુણતા તો એ છે કે એવા જીવો પૈસા ચૂકવીને પાપો ખરીદવા દોડધામ કરે છે, પણ વગર પૈસે માત્ર અહોભાવના માધ્યમે ધર્મ કરવા તૈયાર નથી. યાદ રાખજો, માનસરોવરમાં હંસ બે-પાંચ જ હોય છે, સ્મશાનમાં ગીધડાંઓની સંખ્યા પારાવાર હોય છે.

## લોકો પ્રભાવ વા રવાના પ્રયાસો કરે છે, પણ આ બગાડતા જાય છે

s જગત અને જગત્પતિ વચ્ચે એક બાબતમાં ખાસ ફરક પડે છે.

જગતની નજર વ્યક્તિની આદત પર હોય છે જ્યારે જગત્પતિની નજર વ્યક્તિની દાનત પર હોય છે. જગતની નજર વ્યક્તિનાં રૂપ પર હોય છે જ્યારે જગત્પતિની નજર વ્યક્તિનાં સ્વરૂપ પર

જગત વ્યક્તિના પ્રભાવ પાછળ અંજાઈ જાય છે જ્યારે જગત્પતિ વ્યક્તિના સ્વભાવને શાલીન બનાવી રાખવા પર જોર લગાવે છે.

જવાબ આપો. તપેલી સ્વચ્છ હોય, પણ અંદર રહેલું પાણી જ ગંદું હોય તો ? શરીર પરનાં વસ્ત્રો આકર્ષક હોય અને એ વસ્ત્રો જે ચામડી પર ગોઠવાયા હોય એ ચામડી જ કોઢગ્રસ્ત હોય તો ?

પ્રભાવ ઉપવનની ભવ્યતાને શરમાવે એવો હોય અને સ્વભાવ ઉકરડાની દુર્ગંધને સારો કહેવડાવે એવો જ હોય તો ? યાદ રાખજો, વેલનોન ઈમારતનો તમામ યશ અનનોન એવા પાયાને જ જતો હોય છે.

ૐ
અશોક ફિટનેશ ૯માં વર્ષના પ્રવેશે બમ્પર ઓફર




Pro:- Gopal Chavda ભાઈઓ તથા બહેનો માટે અલગ બેચ
બેડોળ શરીર ને સુડોળ બનાવવા દર મહીને ચોક્કસ કીલો ગ્રામ વજન ઘટાડો અને સદા તંદુરસ્ત રહો
પાદરામાં ભાઇઓ તથા બહેનો માટે શારીરીક ફિટનેશ માટે આધુનિક સાધનોથી સજ્જ સંપૂર્ણ સુવિધાઓ, સુરક્ષિત અને શાંત વાતાવરણ, પાદરા નગરની મધ્યમાં
અશોક ફિટનેશ સ્પેશ્યલ ઓફર
:: બમ્પર ઓફર ::
એક મહિના ફક્ત રૂપિયા 600/-
વાર્ષિક પેકેજ - 4800/- બે મેમ્બરનું પેકેજ ફક્ત 8000/-
સમય (બહેનો માટે) : સવારેઃ ૦૭.૦૦ થી ૧૦:૦૦ બપોરેઃ ૦૨.૩૦ થી ૦૫.૩૦
સમય (ભાઇઓ માટે) સાંજે : ૦૫.૩૦ કલાક થી રાત્રે ૧૦:૦૦ કલાક
:: અમારી વિશેષતાઓ ::
ટેબલ ટોનિંગ મશીન દ્વારા એક્સસાઈઝ + ફુલ ફ્લોર એક્સસાઈઝ + યોગા + ઝુમ્બા + સ્ટીમબાથ + ડાયટેશીયન માર્ગદર્શન
ડાયાબીટીશ, બ્લડ પ્રેશર, હાર્ટ પ્રોબ્લેમવાળા દર્દીઓ માટે પણ અસરકારક પરીણામ
ઝંડાબજાર ચુડગરનો ખાંચો, પાદરા. મોઃ ૯૮૭૯૧૧૯૩૨૪, ૯૭૨૫૪૬૩૮૪૪




# છત્તીસગઢનો 'વર્લ્ડ રેકોર્ડ' વિવાહ: એક જ મંડપ નીચે 6,412 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

રાયપુર : છત્તીસગઢની ધરતી પર સામાજિક ક્રાંતિ અને સમરસતાનો એક એવો અદભૂત નજારો જોવા મળ્યો જેણે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. રાયપુરના સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈની ઉપસ્થિતિમાં આયોજિત ભવ્ય સમારોહમાં કુલ 6,412 યુગલોએ એકસાથે લગ્નગ્રંથિથી જોડાઈને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ આયોજનની ખાસિયત એ હતી કે તેમાં માત્ર આંકડા જ નહીં, પરંતુ લાગણીઓનો પણ સંગમ હતો. રાયપુરમાં 1,316 યુગલોએ રૂબરૂમાં અને બાકીના દંપતીઓએ વિવિધ જિલ્લાઓમાંથી વર્ચ્યુઅલી જોડાઈને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. આ ભવ્ય સિદ્ધિ બદલ છત્તીસગઢ સરકારનું નામ હવે અધિકૃત રીતે 'ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં નોંધાઈ ગયું છે.


ગોપાલ ચાવડા

આ મહા-સમારોહ સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિની 'અનેકતામાં એકતા'નું જીવંત ઉદાહરણ બન્યો હતો. એક જ સ્થળે હિન્દુ વિધિ મુજબ સાત ફેરા લેવાયા, મુસ્લિમ નિકાહ પઢાયા અને ખ્રિસ્તી તેમજ બૌદ્ધ પરંપરા મુજબ લગ્ન સંપન્ન થયા. એટલું જ નહીં, રાજ્યની અત્યંત પછાત એવી 'બૈગા' જનજાતિના યુગલોએ પણ પોતાની વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરા મુજબ લગ્ન કરીને આ મહોત્સવને યાદગાર બનાવ્યો હતો. મુખ્યમંત્રીએ આ નવદંપતીઓને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે આ યોજના ગરીબ પરિવારો માટે માત્ર આર્થિક મદદ જ નહીં, પરંતુ સામાજિક સન્માનનું પ્રતીક છે. સરકારે પ્રત્યેક દંપતીને 35,000ની આર્થિક સહાય અને ઘરવખરીની ભેટ આપીને તેમના નવા જીવનનો પાયો મજબૂત કર્યો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી લક્ષ્મી રાજવાડેએ આ પ્રસંગને રાજ્યની દીકરીઓના આત્મસન્માન સાથે જોડતા કહ્યું કે, જે દીકરીઓના લગ્નની ચિંતા માતા-પિતાને સતાવતી હતી, આજે તે ચિંતા સરકારે પોતાના શિરે લીધી છે. આ આયોજનમાં લોકગીતો, શરણાઈના સૂર અને હજારો લોકોની ભીડ વચ્ચે છત્તીસગઢની લોક સંસ્કૃતિ ખીલી ઉઠી હતી. વર્લ્ડ રેકોર્ડની ટીમ દ્વારા મુખ્યમંત્રીને સ્તાવાર પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું ત્યારે સમગ્ર મેદાન 'જય જોહાર'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જ્યારે શાસન અને જનતા વચ્ચે સંવેદનશીલતાનો સેતુ બંધાય છે.

# વડોદરાના કરજણમાં 7 વર્ષ પછી કરજણ-ડભોઈ ટ્રેન શરૂ

## લીલીઝંડી આપી સાંસદે અને ધારાસભ્યએ ટ્રેનને કરી રવાના

કરજણ : વડોદરાના કરજણમાં આજથી કરજણ-ડભોઈ પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં આવી છે અને 7 વર્ષ પછી આ ટ્રેન શરૂ કરવામાં આવતા સ્થાનિકો અને ટ્રેનમાં લોકલ મુસાફરી કરતા મુસાફરોમાં ખુશીની લાગણી જોવા મળી છે. વડોદરામાં કરજણ ડભોઈ પેસેન્જર ટ્રેન આજથી શરૂ કરવામાં આવી છે અને 7 વર્ષ પછી કરજણ ડભોઈ ટ્રેન શરૂ કરવામાં આવી છે, નેરોગેજનું



બ્રોડગેજમાં રૂપાંતર કરી ટ્રેનને લીલીઝંડી આપવામાં આવી છે, ગાયકવાડના શાસનમાં શરૂ થયેલ ડભોઈ મિયાગામ રેલવે સ્ટેશનથી આ ટ્રેનની શરૂઆત કરવામાં આવી છે.

સવારે 10:00 વાગ્યે ડભોઈ રેલવે સ્ટેશન પરથી મિયાગામ કરજણ માટે પ્રથમ ટ્રેન રવાના થઈ હતી. આ નવી શરૂઆતને વધાવવા માટે મિયાગામ કરજણ અને ડભોઈ એમ બંને રેલવે સ્ટેશનો પર વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. મિયાગામ કરજણ રેલવે સ્ટેશન પર ભરૂચના સાંસદ અને અન્ય જનપ્રતિનિધિઓ ટ્રેનને લીલીઝંડી આપી ટ્રેન પ્રસ્થાન કરાવી હતી. જ્યારે, ડભોઈ રેલવે સ્ટેશન ખાતે યોજાનારા કાર્યક્રમમાં છોટાઉદેપુરના સાંસદ અને સ્થાનિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા, અને ટ્રેનને મિયાગામ કરજણ તરફ રવાના કરી હતી.

# બરોડા ડેરીની આજે ચૂંટણી: ડેસર સહિત 4 ઝોનમાં 325 મતદાર ડિરેક્ટરોને ચૂંટશે

વડોદરા : બરોડા ડેરીનીમાં 4 ઝોનમાં 8 ઉમેદવારો વચ્ચે આજે ચૂંટણી યોજાશે. જેમાં 4 ઝોનમાં કુલ 325 મતદારો મત આપીને ડેરીના ડિરેક્ટરો ચૂંટશે. ચૂંટણી અધિકારી ઐશ્વર્યા દુબે દ્વારા મંગળવાર સાંજે 4 વાગે ડેરી ખાતે પહોંચી ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરી હતી. જ્યારે 18 માર્ચે બપોરે 3 વાગ્યા સુધી મતદાન થશે. તે પછી મત ગણતરી ચાલુ થતાં સાંજે 5 વાગ્યા પહેલાં રિઝલ્ટ આવી જશે.

બરોડા ડેરીના 13 ઝોનમાંથી ઝોન 3, 6, 8 અને 12માં ચૂંટણી યોજાશે. જ્યારે 1, 2, 4, 5, 7, 9, 10, 11 અને 13 નંબરના ઝોનના 9 ઉમેદવાર બિનહરીફ થયા છે. ડેરીના ઉપપ્રમુખ જી.બી.સોલંકી અને પ્રમુખ દિનુમામા બિનહરીફ થઈ ચૂક્યાં છે. 18 માર્ચે ચૂંટણી યોજાય તે પહેલાં 9 માર્ચે ચૂંટણી અધિકારીએ હરીફ અને બિનહરીફ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. નોંધનીય છે કે, ચાલુ વર્ષે ચૂંટણીમાં ડેસર બેઠક પર સૌથી વધુ ધ્યાન રહેશે. આ બેઠક પર સુરપાલસિંહની સામે કુલદીપસિંહ રાઉલજી વચ્ચે કાંટાની ટક્કર મનાય છે. સવારે 9 વાગ્યાથી મતદાન ચાલુ થતાં જ મતદારો મત આપવા પહોંચી જશે.

# જાસપુર ગામની સીમમાં અજાણ્યા પુરુષની લાશ મળી

પાદરા : પાદરા તાલુકાના જાસપુર ગામની સીમમાં આવેલ હડમતીયા વગામાં હનુમાનજી મંદિર નજીક મીની નદીના પટમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી હતી. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ જાસપુર ગામની સીમમાં શીવા ફાર્મા આર્ટ ગેલેરીની પાછળથી પસાર થતી મીની નદીના પટમાં એક અજાણ્યો પુરુષ મૃત હાલતમાં મળી આવ્યો હતો. મૃતક ભીખારી જેવો લાગતો હતો અને તેની ઉંમર અંદાજે 40થી 45 વર્ષ જેટલી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

મૃતકના શરીરે કાળા રંગનો શર્ટ તથા અંદર સફેદ રંગનું ટી-શર્ટ પહેરેલું હતું. જ્યારે કમરનો ભાગ ખુલ્લો જોવા મળ્યો હતો. મૃતકના ગુપ્ત ભાગ પાસે આંતર ગાંઠ જેવી સ્થિતિ પણ જોવા મળી હતી. બનાવ અંગે પાદરા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જિલ્લા કલેક્ટરની સૂચના મુજબ આગામી દિવસોમાં વધુ તપાસ

# વડોદરા જિલ્લામાં ઘરેલું ગેસનો ગેરકાયદેસર વ્યાપારી ઉપયોગ : પોરની હોટેલમાંથી ૧૭ સિલિન્ડર જપ્ત!

વડોદરા: જિલ્લામાં ઘરેલું એલપીજી સિલિન્ડરનો વ્યાપારી હેતુથી ગેરકાયદેસર ઉપયોગ અટકાવવા જિલ્લા વહીવટી તંત્રે કડક ઝુંબેશ શરૂ કરી છે. જિલ્લા કલેક્ટરની સૂચના અને જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી ગીતાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગની ટીમો દ્વારા સતત ફિલ્ડ તપાસ અને આકસ્મિક રેઈડ્સ હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યવાહીના ભાગરૂપે, તાજેતરમાં પોર વિસ્તારમાં આવેલી હોટેલ ગેલેક્સીમાં સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવી. તપાસ દરમિયાન હોટેલના રસોડામાં વ્યાપારી ઉપયોગ માટે ઘરેલું ગેસ સિલિન્ડરોનો ઉપયોગ કરતા ૧૭ નંગ સિલિન્ડર મળી આવ્યા. આ સિલિન્ડરો ખાનગી ગેસ કંપનીના હતા અને નિયમોનું ઉલ્લંઘન કરીને કોમર્શિયલ હેતુ માટે વાપરાતા હોવાનું જણાયું. પુરવઠા તંત્રે તમામ ૧૭ સિલિન્ડરો તાત્કાલિક જપ્ત કરી લીધા અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ પ્રકારના ઉલ્લંઘનથી ઘરેલું ગેસનો જથ્થો ઘટે છે અને સામાન્ય ગ્રાહકોને અસર થાય છે. સુશ્રી ગીતાબેન દેસાઈએ જણાવ્યું કે, "આવા અનધિકૃત ઉપયોગને રોકવા માટે આગામી દિવસોમાં પણ આકસ્મિક તપાસ ચાલુ રહેશે. હોટેલો, રેસ્ટોરન્ટ્સ અને અન્ય વ્યાપારી સંસ્થાઓએ કોમર્શિયલ સિલિન્ડર જ વાપરવા જોઈએ. ઉલ્લંઘન કરનારા સામે વસ્તુ અધિનિયમ હેઠળ કડક શિક્ષાત્મક પગલાં લેવાશે." આ કાર્યવાહી જિલ્લામાં ગેસના ગેરકાયદેસર વેપાર અને કાળાબજારીને અટકાવવા માટેના વહીવટી તંત્રના પ્રયાસોનો ભાગ છે. તાજેતરના દિવસોમાં ગેસ સપ્લાયમાં અમુક અડચણો આવી હોવા છતાં ઘરેલું ગેસનો જથ્થો પૂરતો છે અને લોકોને પેનિક બુકિંગ ન કરવાની અપીલ કરવામાં આવી છે. કાર્યવાહીના ભાગરૂપે,

# વડોદરામાં ગેસ સિલિન્ડરની બૂમો વચ્ચે પાઈપલાઈન કનેક્શન વધ્યા

વડોદરા : અમેરિકા-ઈરાન યુદ્ધની અસર ભારતમાં પણ જોવા મળી રહી છે અને અનેક સ્થળોએ LPG ગેસ સિલિન્ડરની અછત જોવા મળી રહી છે, ત્યારે વડોદરા ગેસ કંપની (VGL) દ્વારા 10 દિવસમાં 1500 નવા કનેક્શન નાખવામાં આવ્યા છે. વડોદરા ગેસ કંપની પાસે પૂરતો પુરવઠો હોવાનું ગેસ કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતું.

'જ્યાં ગેસ લાઈન છે ત્યાં અમે ત્વરિત કનેક્શન આપી રહ્યા છે'

વડોદરા ગેસ કંપનીના એમડી વિનય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, હાલમાં LPG ગેસ સિલિન્ડરો મેળવવામાં કેટલાક લોકોને તકલીફ પડી રહી છે, જેની સામે વડોદરા ગેસ લિમિટેડ કંપનીમાં રોજેરોજ નવી ઈન્કવાયરી આવી રહી છે. અમે જ્યાં ગેસ લાઈન છે ત્યાં ત્વરિત ગેસ કનેક્શન આપી રહ્યા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગેસ કનેક્શન નાખવામાં આવી રહ્યા છે. જ્યાં કનેક્ટિવિટી નથી ત્યાં થોડો વિલંબ થઈ રહ્યો છે, પરંતુ અમારી ટીમ તેઓને પણ ગેસ મળે તે દિશામાં કાર્યરત છે.

## દોઢ મહિનો ચાલે તેટલો જથ્થો છે કોમર્શિયલમાં વધુ માંગ છે

એમડી વિનય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, વડોદરા ગેસ કંપની દ્વારા શહેરમાં પુરતો જથ્થો પૂરો પાડવા સક્ષમ છે. હાલમાં ડોમેસ્ટિકમાં 1.61 લાખ ક્યુબિક મીટર અને સીએનજીમાં 2.5 લાખ ક્યુબિક મીટર સપ્લાય આપવામાં આવી રહ્યો છે. કુલ 4.70 લાખ ક્યુબિક મીટર જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે. હાલમાં ઈન્ડસ્ટ્રીઝમાં 80 ટકા જથ્થો આપવામાં આવી રહ્યો છે. અમારી પ્રાથમિકતા ઘરેલું ગેસ પૂરો પાડવાની છે.

વડોદરા ગેસ લિમિટેડ ગેઈલ ઈન્ડિયા પાસેથી ગેસ પુરવઠો મેળવે છે. વડોદરા ગેસના અધિકારી શ્રીવાસ્તવે જણાવ્યું કે, હાલમાં દોઢ મહિનો કોઈ પણ મુશ્કેલી આવી શકે તેમ નથી. પૂરતો જથ્થો છે. જેથી શહેરીજનોએ કોઈપણ પ્રકારની અફવામાં આવવાની જરૂર નથી. અમે હાલમાં કોઈ સપ્લાય બંધ કરવાના નથી.

વીજીએલના અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની બુકિંગ બંધ કરી દેવામાં આવી છે, જેથી ગેસ કનેક્શન મેળવવા કોમર્શિયલમાં પણ માંગ વધી છે. હાલ સુધીમાં 100 જેટલી ઈન્કવાયરી છે જેમાંથી અમે 65 ચેક કરી ચૂક્યા છે. અમારી એવી કોશિશ છે કે રોજ 5-10 કનેક્શન આપી શકીએ.

# શિનોર તાલુકામાં કોમર્શિયલ ગેસની અછત: ચા-બનાવતા પરિવારો મુશ્કેલીમાં, રોજગાર પર અસર

શિનોર : શિનોર તાલુકામાં કોમર્શિયલ ગેસની અછત ગંભીર બની રહી છે. આના કારણે નાના વેપારીઓ અને ચા-બનાવીને ગુજરાન ચલાવતા પરિવારો પર સીધી અસર પડી રહી છે.વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે ઊભી થયેલી આ ગેસની અછતથી શિનોર તાલુકાના સાધલી ગામ સહિતના વિસ્તારોમાં નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ચા બનાવતા પરિવારોને હવે ગેસ મળતો નથી. ગેસ ન મળવાને કારણે, આ પરિવારો મોંઘા ભાવે લાકડા ખરીદીને ચૂલા પર કામ કરવા મજબૂર બન્યા છે. લાકડાની આગ પર કામ કરવું વધુ મહેનતભર્યું અને સમય માંગી લેનારું સાબિત થઈ રહ્યું છે.રોજિંદા જીવનનિર્વાહ માટે તેઓ આ કપરી પરિસ્થિતિમાં પણ સંઘર્ષ કરી રહ્યા છે. આ ગેસ અછતથી તેમના વ્યવસાય અને આવક પર નકારાત્મક અસર પડી રહી છે.

# 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા'નો વિધિવત પ્રારંભ: રૂ.10 કરોડના ખર્ચે હાઈટેક સુવિધા તૈયાર

## વહીવટી તંત્ર દ્વારા 18 કિમીના પરિક્રમા માર્ગ પર અભૂતપૂર્વ તૈયારીઓ

ભારતીય સંસ્કૃતિમાં અત્યંત પવિત્ર ગણાતી 'ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા'નો આગામી 19 માર્ચ, 2026 થી વિધિવત પ્રારંભ થવા જઈ રહ્યો છે. એક મહિના સુધી ચાલનારો આ શ્રદ્ધાનો મહાકુંભ 17 એપ્રિલ, 2026 ના રોજ પૂર્ણ થશે. આ વર્ષે યાત્રામાં 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવનાને પગલે વહીવટી તંત્ર દ્વારા 18 કિમીના પરિક્રમા માર્ગ પર અભૂતપૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પરિક્રમાવાસીઓની સુવિધા માટે અંદાજે 10 કરોડ રૂપિયાના ખર્ચે




હંગામી અને કાયમી માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

પરિક્રમા માર્ગ પર વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટર બનાવવામાં આવ્યા છે, જેમાં ખાટલા, ગાદલા અને બેડશીટ સહિતની સંપૂર્ણ વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

મહિલાઓ અને પુરુષો માટે અલગ શૌચાલય, મોબાઈલ ટોયલેટ વાન, સ્નાનગૃહ અને ચેન્જિંગ રૂમની વ્યવસ્થા કરાઈ છે .

યાત્રિકોનો સામાન સુરક્ષિત રાખવા ક્લોક રૂમ, અવિરત પાણી પુરવઠો અને જરૂરી ચીજવસ્તુઓ માટે વિવિધ સેવા કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે

# શિનોર-કરજણ વિસ્તારમાં ટેકાના ભાવે મકાઈની ખરીદીનું સેન્ટર નહીં ફાળવાતા ખેડૂતોને નુકસાન

શિનોર : શિનોર-કરજણ વિસ્તારમાં માવઠાથી કપાસનો પાક બળી જવાના કારણે ખેડૂતોએ મકાઈનું વાવેતર કરેલ છે. પરંતુ તેનો પાક બજારમાં આવતાં વેપારીઓ માત્ર 1600થી 1650માં ખરીદતા, ખેડૂતોને ટેકાના ભાવ કરતા 700થી 800 રૂપિયાની ખોટ જાય છે. બજાર સમિતિ દ્વારા સેન્ટર ફાળવવા માંગ કરેલ છે. છતાં સરકાર સેન્ટર ફાળવતી નથી. જેથી ખેડૂતોમાં રોષ વ્યાપેલ છે.



કરજણ બજાર સમિતિના ચેરમેન જયદીપસિંહ ચૌહાણ તથા શિનોર બજાર સમિતિ ચેરમેન સચિન પટેલ દ્વારા કૃષિ મંત્રી તથા જિલ્લા કલેકટરને પત્ર લખીને ટેકાના ભાવે મકાઈ ખરીદવા માટે સેન્ટર ફાળવવા લેખિત રજૂઆત કરી છે. ધારાસભ્ય અક્ષય પટેલે પણ એક મહિના પહેલા ટેકાના ભાવે મકાઈ ખરીદવા સેન્ટર ફાળવવાની માંગણી કરી હતી. પરંતુ જિલ્લાના પાંચ ધારાસભ્યોનું અધિકારીઓ સાંભળતા નથી, નો પત્ર સરકારને લખ્યા પછી હવે તો પોતાની જ પાર્ટીના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી પણ ધારાસભ્યોને ખો આપી રહ્યા છે. વહેલી તકે સરકાર દ્વારા ટેકાના ભાવે આ પંથકના ખેડૂતોની મકાઈની ખરીદી શરૂ નહીં થાય તો આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ ખેડૂતોની નારાજગી ચૂંટણીમાં નડશે, એમ લાગી રહ્યું છે.

સરકાર દ્વારા મકાઈનો ટેકાનો ભાવ રૂા. 2400 નક્કી કરેલ છે. જ્યારે હાલમાં મકાઈનો પાક બજારમાં આવતા ખાનગી વેપારીઓ 1500થી 1700ની અંદર માગી રહ્યા છે. આમ ખેડૂતને ટેકાના ભાવ કરતા 700થી 800 રૂપિયાની ખોટ જઈ રહી છે. તેથી આ પંથકના મકાઈ પકાવતા તમામ ખેડૂતોમાં ભારે રોષ દેખાઈ રહ્યો છે.

# ડભોઈના સરિતા ફાટક ઓવરબ્રિજ પર નખાયેલી 120 લાઈટો બંધ

## અંધારપટ સર્જાતાં વાહનચાલકોને ભારે પરેશાની

ડભોઈ : ડભોઈ સરિતા ફાટક ઓવરબ્રિજ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મહત્વના માર્ગ પર આવેલા સરિતા ફાટક ઓવરબ્રિજ પર છેલ્લા બે મહિનાથી વિચિત્ર પરિસ્થિતિ જોવા મળી રહી છે. અહીં 120 જેટલી નવી લાઈટો નાખવામાં તો આવી છે, પણ તે માત્ર ધૂળ ખાવા' માટે હોય તેમ લાગી રહ્યું છે. લાઈટો હોવા છતાં રાત્રે બ્રિજ પર ઘોર અંધારપટ છવાયેલો રહે છે. મુખ્ય મુદ્દાઓ જે તંત્રની બેદરકારી છતી કરે છે અધિકારીઓની ઓફિસ નજીક છતાં અંધેર નગરી છે. સ્ટેટ હાઈવેના અધિકારીઓની ઓફિસ બ્રિજથી માત્ર 500 મીટર ના અંતરે જ આવેલી છે. રોજ અહીંથી પસાર થતા અધિકારીઓને અંધારું કેમ દેખાતું નથી ? તે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મુસાફરોનો જીવ જોખમમાં રોજના હજારો વાહનો આ માર્ગે સ્ટેચ્યુ ઓફ યુનિટી જાય છે. રાત્રિના સમયે વાહનચાલકોએ માત્ર પોતાની ગાડીની હેડલાઈટના ભરોસે અકસ્માતના ડર વચ્ચે પસાર થવું પડે છે. નવી લાઈટો લગાવી દીધાને બે મહિના વીતી ગયા હોવા છતાં ટેકનિકલ કારણો કે નિષ્કાળજીને લીધે હજુ સુધી સ્વીચ ઓન કરવામાં આવી નથી જનતામાં રોષ ડભોઈના નગરજનો અને વાહનચાલકો પૂછી રહ્યા છે કે શું કોઈ મોટા અકસ્માતની રાહ જોવામાં આવી રહી છે ? નવી લાઈટો પર ધૂળ જામી રહી છે. અને જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ થઈ રહ્યો છે.

# વડોદરા જિલ્લા પંચાયતના સભ્યોનો સ્નેહ મિલન સમારંભ યોજાયો, સાલ ઓઢાડી બહુમાન કરાયું

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની ટર્મ આજરોજ પૂર્ણ થતા આજરોજ તમામ સભ્યોનો સ્નેહ મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે તમામ સભ્યોનું સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. તમામ સભ્યોએ પાંચ વર્ષ દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા હતા. પાંચ વર્ષ દરમિયાન જિલ્લા પંચાયત દ્વારા કરાયેલા કામોની માહિતી આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ પાંચ વર્ષના કામોની માહિતી આપી

સ્નેહમિલન સમારંભમાં જિલ્લા વિકાસ અધિકારી મમતા હીરપરાએ પાંચ વર્ષ દરમિયાન જિલ્લા પંચાયતની વિવિધ શાખા દ્વારા કરવામાં આવેલા કામોની માહિતી આપવામ આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, પંચાયતના સિંચાઈ વિભાગ દ્વારા 8 કરોડના ખર્ચે 106 કામ કરવામાં આવ્યા છે. બાંધકામ શાખા દ્વારા 844 કરોડના ખર્ચે 559 કામ પૂર્ણ કરાયા છે. આયુર્વેદિક શાખા દ્વારા 872810 લાભાર્થીને સારવાર આપવામાં આવી. ICDS શાખા દ્વારા 19.98 કરોડના ખર્ચે 170 આંગણવાડી મંજૂર કરાઈ છે.

શિક્ષણ શાખા દ્વારા 52.26 કરોડના ખર્ચે 291 શાળાઓનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યો છે. પશુપાલન શાખા દ્વારા 16 કરોડનો લાભ આપવામાં આવ્યો છે. વિકાસ શાખા દ્વારા 440 કરોડની ગ્રાન્ટ જેમાંથી 365 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો બાકીના કામ પ્રગતિ હેઠળ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 5 કરોડના ખર્ચે 30 એમ્બ્યુલન્સ ખરીદાઈ હતી. ખેતીવાડી શાખા દ્વારા 34.80 કરોડની સહાય ટ્રેક્ટર ખરીદવા આપવામાં આવી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહીડાએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ દરમિયાન અમે છેવાડાના વ્યક્તિ સુધી વિકાસ પહોંચે તેવા પ્રયાસો કર્યા છે. ખાસ કરીને અમે દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે અમે દીકરીઓને પ્રોત્સાહિત રકમ આપવાનું નક્કી કર્યું હતું. અને તેના કારણે દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડી શકાયો છે. તેઓએ જણાવ્યું હતું કે તમામ ચૂંટાયેલા સભ્યોનો અભિગમ લોકોને જિલ્લાનો વિકાસ થાય તેવો જ રહ્યો છે. એક મહિલા તરીકે મારા ઉપર વિશ્વાસ મૂક્યો તે માટે આભાર.

જિલ્લા પંચાયતના અધિકારીઓ દ્વારા પણ ચૂંટાયેલા સભ્યો સાથેના સમયગાળા દરમિયાનના અભિપ્રાય આપ્યા હતા. ચૂંટાયેલી પાંખ દ્વારા બાળકો માટે સ્તા પક્ષ અને વિપક્ષ દ્વારા સાથે મળીને કામ કરવામાં આવ્યું છે. ખાસ કરીને મધ્યાહન ભોજનમાં બાળકો સ્ટીલના વાસણમાં જમી શકે તે માટેના તમા સભ્યોના અભિગમ બાળક અધિકારીઓએ પણ આભાર વ્યક્ત કર્યો હતો.







### વડુ એમ.એન. વિદ્યાલય ખાતે ફિનોલેક્સ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા

# પાદરા તાલુકાની શાળાઓમાં સેનિટેશન અને પીવાના પાણીની સુવિધાઓથી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવ્યું






પાદરા : વડુ એમ.એન. વિદ્યાલય ખાતે ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા સેનિટેશન અને પીવાના પાણીની સુવિધાઓથી શાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવ્યું છે.

ગ્રામિણ ગુજરાતમાં શૈક્ષણિક સુવિધાઓને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે હાથ ધરાયેલા મહત્વપૂર્ણ CSR ઉપક્રમ અંતર્ગત તથા ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તથા તેની સીએસઆર પાર્ટનર મુકુલ માધવ ફાઉન્ડેશન સંસ્થા. દ્વારા પાદરા તાલુકાના વડુ ગામ ખાતે આવેલ એમ.એન. વિદ્યાલયમાં નવી સ્વચ્છતા સુવિધાઓ અને સુધારેલ પીવાના પાણીના વિસ્તારનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું।

ધોરણ 9 થી 12 સુધીના આશરે 680 વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી એમ.એન. વિદ્યાલય પાદરા વિસ્તારમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ પરિણામો માટે જાણીતી છે. છતાં, શાળામાં પૂરતી સ્વચ્છતા અને સુરક્ષિત પીવાના પાણીની સુવિધાઓના અભાવને કારણે વિદ્યાર્થીઓને આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

આ જરૂરીયાતને ધ્યાનમાં રાખીને FIL-MMF દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ માટે છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ સ્વચ્છ અને સુવિધાસભર ટોયલેટ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ પીવાના પાણીના વિસ્તારોનું સુધારણા અને આધુનિકીકરણ કરવામાં આવ્યું છે, જેથી સમગ્ર દિવસ દરમિયાન સ્વચ્છ અને સુરક્ષિત પાણી ઉપલબ્ધ રહી શકે.

આ પહેલથી વિદ્યાર્થીઓના આરોગ્ય, સ્વચ્છતા અને શૈક્ષણિક વાતાવરણમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. ખાસ કરીને છોકરીઓ માટે આ સુવિધાઓ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે, જે તેમની હાજરીમાં વધારો કરવા અને અભ્યાસ ચાલુ રાખવા પ્રોત્સાહિત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે H. P. Parmar, ડેપ્યુટી ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રિયલ હેલ્થ એન્ડ સેફ્ટી, ગુજરાત સરકાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં FIL-MMFના આ પ્રયાસોની પ્રશંસા કરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂક્યો.

કાર્યક્રમમાં FIL-MMFના પ્રતિનિધિઓ તરીકે Kalpeshbhai Parmar, Sachin Bhatia તથા Nitul Barot હાજર રહ્યા હતા. ઉપરાંત Shree Vadu Kelavani Mandal ના પ્રમુખ, ઉપપ્રમુખ, સચિવ અને ટ્રસ્ટીઓ તેમજ શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વાડુ કેલવાણી મંડળના ટ્રસ્ટીઓએ FIL-MMFનો વર્ષોથી મળતો સહકાર બદલ હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે અગાઉ કરાયેલા વિવિધ કાર્યો જેમ કે RO વોટર કૂલર સ્થાપન, વૃક્ષારોપણ અભિયાન, લર્નિંગ લિંક્સ ફાઉન્ડેશન સાથે શૈક્ષણિક વિકાસ કાર્યક્રમો તેમજ ઉત્સવો દરમિયાન પતંગ, માંજા અને રાખડીના વિતરણ જેવી પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સ્થાનિક લોકો અને શાળા સંચાલકોએ આ પ્રોજેક્ટને "અત્યંત જરૂરી અને પરિવર્તનકારી પહેલ" ગણાવી હતી, જે શાળાના ભવિષ્ય માટે દીર્ઘકાલીન ફાયદાકારક સાબિત થશે. વિદ્યાર્થીઓએ પણ નવી સુવિધાઓ માટે ખુશી અને આભાર વ્યક્ત કર્યો હતો.આ પહેલ FIL-MMFના શિક્ષણ, આરોગ્ય અને સમુદાય વિકાસ ક્ષેત્રે સતત પ્રયાસોનું પ્રતિબિંબ છે. મૂળભૂત સુવિધાઓના વિકાસ દ્વારા સંસ્થા ગ્રામિણ વિદ્યાર્થીઓ માટે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને સહાયક શૈક્ષણિક વાતાવરણ સર્જવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

આ પ્રોજેક્ટ કોર્પોરેટ અને સમુદાય વચ્ચેના સહકાર દ્વારા સ્થાયી વિકાસને પ્રોત્સાહન આપતા ઉત્તમ ઉદાહરણરૂપ સાબિત થાય છે.

### ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે કાર્યાલય ખાતે 125 પ્રમાણપત્ર અપાયા

# પાદરાના લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજના તથા ગંગા સ્વરૂપના હુકમોનું વિતરણ કરાયું







પાદરા વિધાનસભા વિસ્તારમાં વ્હાલી દીકરી યોજના તથા ગંગા સ્વરૂપા આર્થિક સહાય ના લાભાર્થીઓ ને લાભ માટે ના હુકમો નું વિતરણ પાદરા ના ધારાસભ્ય કાર્યાલય ખાતે કરવામાં આવ્યા હતા..

સરકારી ની યોજના વ્હાલી દીકરી યોજના તથા ગંગા સ્વરૂપા આર્થિક સહાય ના લાભાર્થીઓ ને હુકમો નું વિતરણ કરવામાં આવ્યું હતું, પાદરા વિધાનસભા વિસ્તાર ના લાભાર્થી ને મળવાપાત્ર લાભ ના લાભાર્થીઓ ના હુકમો નું વિતરણ કરવામાં આવ્યું હતું

પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ના જન સંપર્ક કાર્યાલય ખાતે લાભાર્થીઓ ના હુકમો નું વિતરણ કરવામાં આવ્યા હતા વ્હાલી દીકરી યોજના ના ૯૦ જેટલા લાભાર્થીઓ તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય ના ૧૨૫ જેટલા લાભાર્થીઓ ને યોજના અંતર્ગત હુકમ ના વિતરણ ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ના હસ્તે હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા કાર્યક્રમ માં ભાજપ શહેર અને તાલુકા સંગઠન ના હોદેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### 800 જેટલા લોકોએ આ કેમ્પમાં આંખોની તપાસ કરાવી

# પાદરા શ્રી સંતરામ મંદિર ખાતે નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પનું આયોજન કરાયું

### ભવિષ્યમાં પણ આવા સેવા કાર્યો ચાલુ રાખવાની માંગ કરાઈ






પાદરા : પાદરા શ્રી સંતરામ મંદિર ખાતે નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો.

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની અખંડ જ્યોતિના આશીર્વાદ તથા પ.પૂ. મહંતશ્રી રામદાસજી મહારાજની આજ્ઞાથી પાદરા ખાતે શ્રી સંતરામ મંદિરમાં નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો આ કેમ્પનું આયોજન શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય, નડિયાદ, હિન્દુ અનાથ આશ્રમ નડિયાદ તથા 'સક્ષમ' ગુજરાત પ્રાંતના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન નિષ્ણાંત અને અનુભવી ડોક્ટરોની ટીમ દ્વારા આંખોને લગતા વિવિધ રોગોની તપાસ કરવામાં આવી. જેમાં ઝામર, ત્રાંસી આંખ, પરદાની તપાસ તેમજ મોતીયાના દર્દીઓની તપાસ કરવામાં આવી. સાથે જ જરૂરિયાતમંદ દર્દીઓને મફત મોતીયાના ઓપરેશન તથા નંબર વાળા દર્દીઓને મફત ચશ્મા આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી. આ કેમ્પમાં વહેલી સવારથી જ લોકોની મોટી ભીડ જોવા મળી હતી. અંદાજે 800 જેટલા લોકોએ આ કેમ્પમાં આંખોની તપાસ કરાવી અને આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. આ સેવા કેમ્પને લઈ સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને આયોજકો દ્વારા ભવિષ્યમાં પણ આવા સેવા કાર્યો ચાલુ રાખવાની વાત કરવામાં આવી હતી.

### હીરો મેસ્ટ્રો સ્કૂટર સાથે આરોપીને ઝડપતી જીલ્લા એલસીબી પોલીસ

# પાદરાના સોખડા ખુર્દ ગામે ચોરીની બાઈક સાથે ઝડપાયો





પાદરા : પાદરા ગોવિંદપુરા ની ખાનગી હોસ્પિટલની સામેના પાર્કિંગ માંથી આરોપીએ સ્કૂકર ચોરી કરી પોતાની દહેજ સાસરીમાં જઈને પાછો ફરતા બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો.

હાલમાં ચોરી કરીને વાહનોની ઉઠાંતરી કરવાના બનાવો વધી ગયા છે જેમાં નાના મોટા વાહનોનો સમાવેશ થઈ રહ્યો છે પરંતુ પોલીસ જ્યાં સજાગ છે ત્યાં ચોરો ઝડપાય છે આવોજ એક બનાવ પાદરામાં વિસ્તારમાં એલસીબી પોલીસ ગુનો ન થાય અને થયેલા ગુનાના આરોપીઓને ઝડપી પાડવા ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ ની બાતમી મળી હતી જે ગુનો નોંધાયો હતો, પાદરા ના ગોવિંદપુરા ખાતે આવેલ જ્યાં વધુ હોસ્પિટલો છે તે કોમ્પ્લેક્સ ના પાર્કિંગ માં એક હીરોનું મેસ્ટ્રો સ્કૂટર પાર્ક કરેલ હતું જેમાં આ ગુનાનો આરોપી અરુણ કેસ્ટુ વસાવા સ્કૂટર ની ચોરી કરીને પોતાની સાસરી દહેજ તાલુકાના પાણીયાદરા ગયો હતો અને ત્યાં રોકાઈને પોતાના ગામ સોખડા ખુર્દ આવી રહ્યો છે તેવી બાતમી જીલ્લા એલસીબી પોલીસ ને મળી હતી જેમાં સ્ટાફના માણશો સોખડા ખુર્દ ત્રણ રસ્તા ઉપર ઉભા રહીને વોચ ગોઠવી હતી જ્યાં અરુણ વસાવા હીરો મેસ્ટ્રો સ્કૂટર લઈને આવતા ઝડપી. પડ્યો હતો અને સ્કૂટર કબજે લઈને. અંગ ઝડતી કરતા રેડમી કંપનીનો મોબાઈલ 10હજાર રૂપિયા તથા સ્કૂટર ની કિંમત અંદાજિત 30 હજાર રૂપિયા મળી કુલ 40હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આરોપીને ઝડપી આગળની કાર્યવાહી શરૂ કરી હતી

### બે જગ્યા સ્ત્રી અનામત તથા એક જગ્યાએ એસસી એસટી માટેની ચૂંટણી યોજાશે

# પાદરા નગર નાગરિક સહકારી બેંકની 15 જગ્યાઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર

### પાદરા વ્યવસ્થાપકની 2026 થી 2031ના વર્ષ માટે સભ્યોની ખાલી જગ્યા ભરાશે




પાદરા : પાદરા નગર નાગરિક સહકારી બેંકની પાદરા વ્યવસ્થાપક ની 2026 થી 2031 ના વર્ષ માટે ખાલી પડનાર 15 જગ્યાઓ જેમાં બે જગ્યા સ્ત્રી અનામત તથા એક જગ્યાએ એસસી એસટી માટેની ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો ચૂંટણી તારીખ 12 /4 /26 ના રોજ જરૂર પડશે તો મતદાન થશે અને તેનું પરિણામ 13/4/26/ પાદરા નગર નાગરિક સહકારી બેંકની પાદરાના વ્યવસ્થાપ મંડળ ની 2026 થી 2031ના વર્ષ માટે કુલ ૧૫ જગ્યાઓ ખાલી પડવાની છે જેમાં બે જગ્યા સ્ત્રી અનામત છે તથા એક જગ્યાએ એસસી એસટીઅનામત છે જેનો ચૂંટણીનો કાર્યક્રમ બેંકે જાહેર કર્યો છે જેમાં મતદાર યાદી તારીખ 13/ 3/ 26 ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી ઉમેદવારી પત્રક આપવાની તારીખ 17/ 3 /26 થી 18/ 3/ 26 ઉમેદવારી પત્રક સ્વીકારવાની તારીખ 19/ 3/ 26 થી 20/ 3/ 26 ઉમેદવારી પત્રક ચકાસણીની તારીખ 23/ 3/26 ઉમેદવારી પત્રક પાછી ખેંચાઈની તારીખ 24/ 3/ 26 થી 25/ 3/26 બપોરે 3 વાગ્યા સુધી નિશાન ફાળવણી બપોરના ચાર વાગ્યા પછી તારીખ 25 /3/ 26 જરૂર જણાય તો ચૂંટણી તારીખ 12 /4 /26 ના રોજ યોજાશે તથા મતદાનનું સ્થળ રહેશે ઝેન સ્કૂલ ઝેડ એક અને બે ઈન્દ્રપ્રસ્થ સોસાયટી પાતાળિયા હનુમાન રોડ પાદરા મતદાનનો સમય રહેશે સવારે આઠ કલાકથી સાંજના પાંચ કલાક સુધી 12/ 4 /26 ના રોજ જ્યારે ચૂંટણીનું પરિણામ 13/ 4 /26 ના રોજ સવારે 10:00 કલાક થી મત ગણતરી કરવામાં આવશે.

જેમાં બેંકે કેટલાક નિયમો જાહેર કર્યા છે જેમાં ઉમેદવારી કરનારે બેંકના પેટા નિયમ 8 કૌંસમાં ત્રણ મુજબ/ 100 શેર ધારણ કરેલા હોવા જરૂરી છે ગુજરાત કોપરેટીવ એક્ટ અને રૂલ 2002 ના પ્રકરણ 10 અને 6 ની કલમ 115 મુજબ 20,000 ની ડિપોઝીટ સતત 36 માસથી ધરાવતા હોવા જોઈએ સભાસદનું સભ્યપદ ઓછામાં ઓછું 36 માસનું સતત સભ્યપદ ધરાવતા હોવા જોઈએ સહકારી મંડળીઓના તેમજ બેંકે નિયત કરેલા પેટા કાયદાના ધારા ધોરણ પ્રમાણે ફોર્મ સ્વીકારવામાં આવશે ઉમેદવારી કરનારે ઉમેદવારી ફોર્મ ની સાથે કાયદાઓની જોગવાઈઓને આધીન જરૂરી માહિતી સોગંદના માંથી જાહેર કરવાની રહેશે ફોર્મ સાથે રૂપિયા 1000 ડિપોઝિટ રહેશે આમ પાદરા નગર નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર થતાં જ અનેક વહીવટદારો નવ લોહિયા યુવાનો થનગણી રહ્યા છે ત્યારે પાદરા નગર નાગરિક બેંકના શેર ધારકો કેવું વિચારી રહ્યા છે કે ઠરેલ અનુભવી લોકોને ડિરેક્ટર તરીકે ચૂંટવા કે પછી નવ લોહિયા યુવાનોને ચુંટવા કે જે અનુભવી નથી આમ પાદરા નગર નાગરિક સહકારી બેંક ભવિષ્યમાં કોના હાથમાં રહેશે અને બેંકનો કેવો વિકાસ થશે એ તો મતદારો જે સભાસદો છે એ સભાસદો કેવા લોકોને ચુટે છે એની ઉપર જ આગામી બેન્ક નું ભવિષ્ય જોડાઈ રહ્યું છે ભૂતકાળમાં કાલિદાસ મામા દ્વારા સમતોલ રીતે ઘણો સારો વહીવટ થયો છે ત્યારે હવે બેંકનું ભવિષ્ય આગામી સમયમાં કેવું રહેશે તે જોવાનું રહ્યું છે




# જાસપુર ગામના હનુમંતિયા મંદિરે શ્રીમદ્ ભાગવત કથાનો શુભારંભ

### બ્રહ્મલીન શ્રી ભરતદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિતે કથાનું આયોજન કરાયું




પાદરા : પાદરા ના જાસપુર ગામે હનુમંતિયા મંદિર ખાતે બ્રહ્મલીન શ્રી ભરતદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિતે શ્રીમદ્ ભાગવત સત્સંગ કથા નો શુભારંભ કરાયો હતો. પાદરા ના જાસપુર ગામ નજીક આવેલ શ્રી હનુમંતિયા મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા નો શુભારંભ કરવામાં આવ્યો હતો બ્રહ્મલીન શ્રી ભરતદાસજી મહારાજ ની પુણ્યતિથિ નિમિતે તા.૧૫ થી ૨૧ માર્ચ દરમિયાન મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે કથા નું રસપાન પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજ ના શિષ્ય અને વિશ્વ વંદનીય શ્રી દીપકભાઈ શાસ્ત્રીજી દ્વારા કરવામાં આવ્યું હતું કથા રોજ બપોર ૨ થી ૬ દરમિયાન જાસપુર ખાતે હનુમંતિયા મંદિર ખાતે યોજાશે, રવિવારે મંદિર પરિસરમાં ભવ્ય પોથીયાત્રા નીકળી હતી જેના ભક્તો એ લાભ લીધો હતો.

પોથીપૂજન અને આરતી બાદ કથાકાર નું શ્રી રાધારમણદાસજી મહારાજ નું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શ્રીમદ્ ભાગવત કથા નો શુભારંભ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે મહારાજ સહિત ના મહાનુભવો તેમજ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

Printed, Published and owned by CHAVDA GOPALBHAI BHAGVANDAS and Printed at Vasant Graphics, Shop No.35/36/37, Golden Plaza, Opp. Big Bazar, Kankaria Road, Raipur, AHMEDABAD - 380 022 and Published from Niraj Plaza, Shop No.12, Zanda, Bazar, PADRA - 391 440. Editor - CHAVDA GOPALBHAI BHAGVANDAS